BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

## ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં હિન્દુ અધ્યયન ભવિષ્ય પર વાત થઈ

# આપણી સંસ્કૃતિ 'અમે જ'ના આગ્રહને બદલે 'અમે પણ'ના ભાવને સ્વીકારે છે

PROGRAM



અમદાવાદ : ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં હિન્દુ અધ્યયન ભવિષ્ય અને વિકસિત ભારત 2047 વિષય પર ફેકલ્ટીને માહિતગાર કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રાષ્ટ્રીય સેવાસંઘના પશ્ચિમ ક્ષેત્રના સંઘચાલક જયંતીભાઈ ભાડેસિયાએ આ વિશે વાત કરતાં જણાવ્યું કે, 'આપણો દેશ તેની મૂળભૂત સાંસ્કૃતિક ઓળખ અકબંધ રાખે અને 'ભારત ભારત રહે' તેવા શુભાશય સાથે સૌ ભારતને જાણે તથા એકનિષ્ઠ થઈને રાષ્ટ્રની આરાધના કરવી જોઈએ.'

પ્રો.અમીબેન ઉપાધ્યાયે હિન્દુ ધર્મની સર્વસમાવેશકતા વિશે ખાસ વાત કરતાં જણાવ્યું કે. 'હિન્દુ ધર્મ કોઈ એક ગ્રંથ પૂરતો સીમિત ન રહેતાં તે એક વ્યાપક અને સર્વસમાવેશક જીવનશૈલી છે. આપણી સંસ્કૃતિ 'અમે જ'ના આગ્રહને બદલે 'અમે પણ'ના સ્વીકારભાવમાં વિશ્વાસ ધરાવે છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીના તમામ વિષયોમાં માઈક્રો-ક્રેડેન્શિયલ્સ અને નેનો-ક્રેડેન્શિયલ્સના કોર્સ વિકસાવવા માટે 1 કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી. જે ગ્રાન્ટના વ્યાપમાં ભારતીય જ્ઞાનપરંપરા અને હિન્દુ સ્ટડીઝ જેવા વિષયોને પણ સાંકળી લેવાશે જેના થકી પ્રાચીન હસ્તપ્રતો ઉકેલીને 1થી 2 ક્રેડિટના કોર્સ તૈયાર થશે.'

દિવ્ય ભાસ્કર | Page No. 6 | તારીખ : 25/03/2026